Ph. : 0281-2587144
ccdcsauuni@yahoo.co.in
CCDC
**Career Counselling & Development Centre**
**Saurashtra University, Rajkot.**
Ground Floor, CCDC Building, Academic Centre, B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot-360 005
Dr. N.A. SHAH
Co-Ordinator
Re-Accredited
Grade A by NAAC

Ref.: ---
Date: 15-04-2019

## પ્રેસનોટ

### કેરીયર કાઉન્સેલીગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (CCDC) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા S.B.I. PROBATIONARY OFFICERS ની ૨૦૦૦ તથા S.B.I. JUNIOR CLERK/JUNIOR ASSOCIATE ની ૮૯૦૪ જગ્યા માટે તારીખ ૦૧–૦૫–૨૦૧૯ થી પ્રીલીમીનરી પરીક્ષાના વર્ગો શરૂ થશે... વેકેશનનો સદ્‌ઉપયોગ કરવા છાત્રોને અનુરોધ...

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સીસીડીસીના માધ્યમથી સૌરાષ્ટ્ર વિસ્તારનાં વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની સફળ તાલીમ આપી રહ્યું છે. પરિણામ સ્વરૂપ વિદ્યાર્થીઓએ અનેક વખત રેકોર્ડબ્રેક સફળતા મારફત સરકારી નોકરીઓ મેળવી છે. સીસીડીસી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી મારફત નિયમિત તાલીમવર્ગો મારફત જીપીએસસી, ગુજરાત ગૌણ સેવા, તલાટી, શિક્ષણક અભિયોગ્યતા કસોટી, આઈ.બી.પી.એસ., સ્ટાફ સિલેકશન વગેરે રાજ્ય તેમજ કેન્દ્રકક્ષાની મહત્તમ પરીક્ષાની તાલીમ નિષ્ણાંત તજજ્ઞો, રાઉન્ડ ધી કલોક આયોજન, સમૃદ્ધ લાયબ્રેરી અને સમયાંતરે સચોટ કાર્યશાળાઓના આયોજનથી ચલાવવામાં આવે છે અને ઉતરોતર તાલીમાર્થીઓ મારફત સીમાચીહન સફળતાઓ પ્રાપ્ત થયેલ છે. સીસીડીસી ટીમ ઉત્સાહપૂર્વક વિવિધ આયોજન મારફત યુવાવર્ગને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા માટે તૈયાર કરી રહી છે. હાલ **સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા PROBATIONARY OFFICERS ની ૨૦૦૦ તથા JUNIOR CLERK/JUNIOR ASSOCIATE ની ૮૯૦૪** જગ્યાઓ માટેના પ્રીલીમીનરી પરીક્ષાના વર્ગો શરૂ થવાના છે. આ જાહેરાતનાં અનુસંધાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સી.સી.ડી.સી.નાં દ્વારા **તા. ૦૧–૦૫–૨૦૧૯** થી તાલીમવર્ગોનું આયોજન કરવામાં આવેલ છે.

**''ટીમ સીસીડીસી'' એ વિદ્યાર્થીઓને વેકેશનનો સદ્‌ઉપયોગ કરી ઉપરોક્ત તાલીમવર્ગોનો લાભ લેવા અનુરોધ કરેલ છે.**

આ તાલીમ વર્ગમાં વિવિધ જગ્યાઓ માટેનાં અભ્યાસક્રમ ઈંગ્લીશ લેંગ્વેજ, ક્વોન્ટીટેટીવ એપ્ટીટયૂડ અને રીઝનીગ એબીલીટી જેવા વિષયોની સઘન તાલીમ આપવામાં આવનાર છે. ઉપરોક્ત તાલીમ વર્ગમાં જોડવા ઈચ્છતા ઉમેદવારોએ **તા. ૩૦–૦૪–૨૦૧૯** સુધીમાં ગ્રાઉન્ડ ફલોર, સીસીડીસી બિલ્ડીગ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે ૨ પાસપોર્ટ સાઈઝના ફોટા, એસ.બી.આઈ. પી.ઓ. તથા કલાર્કનું ઓનલાઈન ફોર્મની ઝેરોક્ષ તથા ગ્રેજયુએશન માર્કશીટ, આઈ.ડી. પ્રુફ સાથે લાવવાનું રહેશે.

પ્રતિ,
તંત્રીશ્રી ,
ઉપરોક્ત માહિતિ વિદ્યાર્થીઓના લાભાર્થે આપના પ્રસિધ્ધ દૈનિકમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.
આભાર સહ,

for, [signature]
Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)